# ૨૩ ઓગષ્ટ –૨૦૧૬ (મંગળવાર)

**(૧) રમણલાલ વોરા :**

- ગુજરાત વિધાનસભાના સ્પીકર પદે રમણલાલ વોરાની સર્વસંમતિથી પસંદગી કરવામાં આવે છે.
- તેમણે વિધાનસભાના ૨૦માં સ્પીકર તરીકે પોતાનો કાર્યભાર સંભાળ્યો.
- જ્યારે ડેપ્યુટી સ્પીકરપદે શંભુજી ઠાકોરની બહુમતીથી પસંદગી કરવામાં આવી
- સ્પીકર પદ ઉપર બેઠક પછી વ્યક્તિ પક્ષનો કાર્યકર્તા રહેતો નથી તથા તેને તમામ પક્ષોને ધ્યાનમાં લઇ યોગ્ય નિર્ણયો લેવા પડે છે.

**(૨) સિનસિનાટી ઓપન ટેનિસ ટૂર્નામેન્ટ :**

- વર્ષના અંતિમ ગ્રાન્ડ સ્લેમ યુ.એસ ઓપન પહેલા મહત્વની મનાતી સિનસિનાટી ઓપનની વિમેન્સ ડબલ્સની ફાઇનલમાં ભારતની સાનિયા મિર્ઝા તથા ચેકરિપબ્લિકની બારબોરાની જોડી વિજેતા બની.
- રનર્સઅપ : માર્ટિના હિંગિસ, કોકો વેન્ડેવૈધે
- છેલ્લા ઘણા સમયથી માર્ટિના હિંગિસ અને સાનિયા મિર્ઝાની જોડી હતી જે સિનસિનાટી ટુર્નામેન્ટમાં વિખૂટા પડી સામસામે ટકરાયા હતા.

**(૩) ભારતીય રમત મંત્રાલય દ્વારા વિવિધ રમતના ખેલાડીઓને એવોર્ડની જાહેરાત :**

- રાજીવગાંધી ખેલ રત્ન એવોર્ડ
- ભારતીય રમત મંત્રાલય અભૂતપૂર્વ નિર્ભય લેતા ચાર ખેલાડીઓને રાજીવગાંધી ખેલ રત્ન એવોર્ડ એનાયત કરશે.

(૧) પી.વી.સિંધુ – બેડમિન્ટન
(૨) દીપા કર્માકર – જિમ્નાસ્ટિક
(૩) જિતુ રાય – શુટીંગ
(૪) સાક્ષી મલિક – રેસલિંગ

- દેશમાં રમત ક્ષેત્રે સર્વોચ્ચ એવા ખેલ રત્ન એવોર્ડ ૧૯૯૧ના વર્ષથી આપવામાં આવે છે. જેમાં ઇનામ રૂા. ૭.૫ લાખ આપવામાં આવે છે.
- વર્ષ ૧૯૯૧–૯૨માં પ્રથમ એવોર્ડ વિશ્વનાથન આનંદ (ચેસ) ને આપવામાં આવ્યો હતો.

અર્જુન એવોર્ડ :

- અર્જુન એવોર્ડ આ વર્ષ ૧૫ ખેલાડીઓને આપવામાં આવશે.

| | |
|---|---|
| (૧) રજત ચૌહાણ | તીરંદાજી |
| (૨) શિવ થાપા | બોક્સિંગ |
| (૩) લલિતા બાબર | એથ્લિટ |
| (૪) સૌરવ કોઠારી | બિલિયડ્ર્સ એન્ડ સ્નૂકર |
| (૫) અજિંક્ય રહાણે | ક્રિકેટ |
| (૬) સબ્રુત પોલ | ફૂટબોલ |
| (૭) રાની રામપાલ | હોકી |
| (૮) વી.આર. રઘુનાથ | હોકી |
| (૯) ગુરપ્રિતસિંહ | શૂટીંગ |
| (૧૦) અપૂર્વા ચંદેલા | શૂટિંગ |
| (૧૧) સૌમ્યજિત ઘોષ | ટેબલ ટેનિસ |
| (૧૨) વિનેશ ફોગટ | રેસલિંગ |
| (૧૩) અમીતકુમાર | રેસલિંગ |
| (૧૪) સંદીપસિંહ માન | પેરા એથ્લેટિક્સ |
| (૧૫) વીરેન્દ્રસિંહ | રેસલિંગ ડીફ |

- ભારત સરકારના યુવા અને રમત ગમત મંત્રાલય દ્વારા આ એવોર્ડ આપવામાં આવે છે.
- ૧૯૬૧ થી અપાતા આ એવોર્ડમાં રૂા. ૫ લાખનું ઇનામ આપવામાં આવે છે.
- રાષ્ટ્રીય લેવલે નામન મેળવનાર ખેલાડીને અર્જુન એવોર્ડગથી નવાજવામાં આવે છે.

દ્રોણાચાર્ય એવોર્ડ :

- ભારત સરકારના યુવા અને રમત મંત્રાલય દ્વારા ૧૯૮૫ થી આ એવોર્ડ આપવામાં આવે છે જેમા ઇનામ સ્વરૂપ રૂા. ૭ લાખની રાશી આપવામાં આવે છે.
- આ એવોર્ડ સ્પોર્ટર્સમાં ઉત્તમ કોચને આપવામાં આવે છે.
- આ વર્ષ ૬ દ્રોણાચાર્ય એવોર્ડ આપવામાં આવશે.

| | |
|---|---|
| (૧) નાગપુરી રમેશ | એથ્લીટ |
| (૨) સાગરમલ ધાયલ | બોક્સિંગ |
| (૩) રાજકુમાર શર્મા | ક્રિકેટ |
| (૪) બિશ્વેશ્વર નંદી | જિમ્નાસ્ટીક્સ |
| (૫) પ્રદીપકુમાર | સ્વમિંગ |
| (૬) મહાબિરસિંહ | રેસલિંગ |

ધ્યાનચંદ એવોર્ડ

– સ્પોર્ટસમાં લાઇફ ટાઇમ અચિવમેન્ટ માટે અપાતો આ એવોર્ડ વર્ષ ૨૦૦૨થી આપવામાં આવે છે.

– ભારત સરકારના યુવા અને રમત મંત્રાલય દ્વારા અપાતા આ એવોર્ડમાં રૂા. ૫ લાખ રાહી ઇનામ રૂપે આપવામાં આવે છે.

– વર્ષ ૨૦૧૬માં ત્રણ મહાનુભાવોને આ એવોર્ડથી નવાજવામાં આવશે.

(૧) સત્તી ગીતા – એથ્લેટિક્સ
(૨) સિલ્વિનસ ડુંગડુંગ – હોકી
(૩) રાજેન્દ્ર પ્રહલાદ શેલ્કે – રોવિંગ

- **મૌલાના અબુલ કલામ આઝાદ– હોકી**
- ભારત સરકારના યુવછા અને રમત મંત્રાલય દ્વારા ૧૯૫૬–૫૭ થી આ એવોર્ડ આપવામાં આવેલ છે.
- આ એવોર્ડ ઇન્ટર યુનિવર્સિટી ટેલેન્ટ ચેમ્પિયનશીપમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર યુનિવર્સિટીને આપવામાં આવે છે.
- ઇનામ : રૂા. ૧૦ લાખ
- વર્ષ ૨૦૧૬માં આ એવોર્ડ પંજાબ યુનિવર્સિટી, પ્રતિયાલાને આપવામાં આવશે.
- આ તમામ એવોર્ડ હોકીના જાદુગર મેજર ધ્યાનચંદની ૧૧૧મી જન્યજયંતિ ૨૯ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ રાષ્ટ્રપતિની હસ્તે આપવામાં આવશે.

પ્રશ્નો :

(૧) આગામી ૨૯ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ મેજર ધ્યાનચંદની કેટલામી જન્મજયંતિ ઉજવાશે ?
– ૧૧૧

(૨) વિધાનસભાના અધ્યક્ષપદે કોની પસંદગી થઇ ?
– રમણલાલ વોરા

(૩) વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર માટે કોને પસંદ કરવામાં આવ્યા ?
– શંભુજી ઠાકોર

(૪) સિનસિનાટી ઓપન ટેનિસ ટૂર્નામેન્ટ મહિલા ડબલ્સ વિજેતા ?
– સાનિયા મિર્ઝા અને બારબોરા

(૫) વર્ષ ૨૦૧૬માં કેટલા વ્યક્તિને રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ એનાયત થશે ?

વિવેકાનંદ એકેડેમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧

– ચાર

(૬) રાજીવગાંધી ખેલરત્ન એવોર્ડ ક્યારથી આપવામાં આવે છે ?

– ૧૯૯૧

(૭) પ્રથમ રાજીવગાંધી ખેલરત્ન એવોર્ડ વિજેતા ?

– વિશ્વનાથન આનંદ

(૮) વર્ષ ૨૦૧૬માં કેટલા અર્જૂન એવોર્ડ એનાયત થશે ?

– ૧૫

(૯) અર્જુન એવોર્ડ ક્યારથી અપાય છે ?

– ૧૯૬૧

(૧૦) સ્પોર્ટસમાં ઉત્તમ કોચને ક્યો એવોર્ડ એનાયત થાય છે ?

– દ્રોણાચાર્ય એવોર્ડ

(૧૧) વર્ષ ૨૦૧૬માં કેટલા દ્રોણાચાર્ય એવોર્ડ એનાયત થશે ?

– ૬

(૧૨) સ્પોર્ટસમાં લાઇફટાઇમ અચિવમેન્ટ માટે કયો એવોર્ડ અપાય છે ?

– ધ્યાનચંદ એવોર્ડ

(૧૩) ધ્યાનચંદ એવોર્ડ આપવાની શરૂઆત ક્યારે થઇ ?

– ૨૦૦૨

(૧૪) વર્ષ ૨૦૧૬માં કેટલા ધ્યાનચંદ એવોર્ડ એનાયત થશે ?

– ૩

(૧૫) વર્ષ ૨૦૧૬માં પંજાબ યુનિવર્સિટી, પતિયાલાને કયો એવોર્ડ આપવામાં આવશે ?

– મૌલાના અબુલ કલામ આઝાદ ટ્રોફી

(૧૬) અર્જુન એવોર્ડ, દ્રોણાચાર્ય એવોર્ડ અને ધ્યાનચંદ એવોર્ડ કોના દ્વારા અપાય છે ?

– ભારત સરકારના યુવા અને રમત મંત્રાલય દ્વારા

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧